# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com

web :-www.suratdeo.or


જા.નં. મા-૨/૨૦૨૬/ 7931 તા. ૧૧/૦૬/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક,માધ્યમિક શાળાઓ તમામ
જિ.સુરત.

આ સાથે સામેલ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી, ૪/૨, ડૉ જીવરાજ મહેતા ભવન, ગુ.રા. ગાંધીનગરનો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૫/૨૫-૨૬/૧૨૯૯-૧૩૦૦ તા. ૧૧/૦૫/૨૦૨૬ નાં પત્ર અન્વયે જાણ તથા અમલ કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ: ઉક્ત પત્રની નકલ

નં.અજાક/ગ-૧/૫/૨૬-૨૭/ ૧૨૮૮ - ૨૩૦૦
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
E-mail:dd1-dscw@gujarat.gov.in
તા.૨૯/૦૫/૨૦૨૬

પ્રતિ,
નિયામકશ્રી,
પ્રાથમિક શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર

વિષય:- વર્ષ:૨૦૨૨-૨૨૩ થી વર્ષ:૨૦૨૪-૨૫ સુધીની અનુ.જાતિના વિદ્યાર્થીઓની કેંદ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓની કામગીરી બાબત

સંદર્ભ: ૧) કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૨૧/૦૮/૨૦૨૫ના પત્રનં: K-11017/8/2025-SCD-V
૨) કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના DO K-11017/8/2025-SCD-V Dated:12-09-2025
૩) કેંન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા:૧૪/૧૦/૨૦૨૫ના પત્રનં: CMS/GOI/2025/47936
૪) કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૦૬/૧૧/૨૦૨૫ના પત્રન: K-11036/6/2021-SCD-V
૫) કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૧૬/૧૨/૨૦૨૫ના પત્રન: K-11017/8/2025-SCD-V
૬) કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૦૫/૦૫/૨૦૨૬ના પત્રન: K-11017/8/2025-SCD-V

સવિનય ઉપરોક્ત વિષય તથા સંદર્ભિત પત્રો અન્વયે જણાવવાનું કે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની કેન્દ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો અમલ Digital Gujarat Portal પર શાળાઓ મારફત ઓનલાઇન દરખાસ્તો/અરજીઓ મંગાવી કરવામાં આવે છે. આ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા તમામ શાળાઓને શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જ માસવાર કરવાની થતી કામગીરીનું આયોજન આપવામાં આવે છે અને કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં સદર્ભિત પત્ર:૧ થી ૫થી કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગએ કેન્દ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓની પડતર કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવેલ હતુ. જેમ કે વર્ષ:૨૦૨૨-૨૩, વર્ષ:૨૦૨૩-૨૪ તથા વર્ષ:૨૦૨૪-૨૫ની કેંદ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની કામગીરી તા:૩૧/૦૩/૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવા જણાવેલ.

હાલ સંદર્ભિત પત્ર:૬ મુજબ કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગએ અગાઉ જે સમયમર્યાદા આપેલ હતી તે લંબાવી હવે વર્ષ:૨૦૨૨-૨૩, વર્ષ:૨૦૨૩-૨૪ તથા વર્ષ:૨૦૨૪-૨૫ની કેંદ્ર પુરસ્કૃત

પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની કામગીરી તા:૩૦/૦૬/૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવા જણાવેલ છે. વર્ષ:૨૦૨૫-૨૬ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓનું Terminal વર્ષ હોય જૂના વર્ષોની કામગીરી પણ તાત્કાલિક પૂર્ણ કરવાની થાય છે.

વધુમાં જણાવવામાં આવે છે કે ૧૫.૦૧.૨૦૨૬ ના રોજ ફોજદારી અપીલ નં. ૧૪૨૫૧૨૦૨૫ માં "અમિત કુમાર વિરૂદ્ધ ભારત સંઘ અને અન્ય" શીર્ષક હેઠળ માનનીય સુપ્રીમ કોર્ટ દિશાનિર્દેશો જારી કર્યા છે. આ આદેશના ફકરા ૪૫ (viii) માં આદેશ આપવામાં આવ્યો છે.

"(viii) The backlog of any and all pending scholarship disbursements must be cleared within a period of four months by the relevant Central and State government authorities. If there exists any reason behind the non-disbursal of the same, a notice with reasons must be sent to the relevant HEI along with the student recipient, within a period of two months. It must be ensured that the disbursement of all future scholarships are done with clear timelines, without any delay by the relevant Central and State Government authorities. Disbursal dates and schedules must also be made known to the student recipient. Even in cases of unavoidable administrative delay, HEIs must not, as a policy, make the student recipients accountable for paying or clearing their fees. No student should be prevented from appearing in an examination, removed from hostels, banned from attending classes, or have their marksheets and degrees withheld because of delays in disbursal of scholarships. Any such institutional policy, may be viewed strictly."

ફકરા ૫૨ માં જણાવ્યા અનુસાર તમામ જિલ્લાઓએ આ દિશાનિર્દેશો તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પહોંચાડવા અને અમલમાં મુકવાનો નિર્દેશ આપેલ હોય આપની કક્ષાએથી ઉક્ત બાબતે સંબધીતોને જાણ કરવા તથા તેનો અમલ કરાવવા વિનંતી

આમ શાળાઓને પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિની કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવા સૂચનાઓ આપવી જરૂરી બને છે. જેથી ઉક્ત વર્ષોમાં જો કોઇ પણ અરજી વેરીફાઇ કરી આગળ કાર્યવાહી અર્થે મોકલી આપવાની બાકી હોય તો તાત્કાલિક મોકલી આપવા બાબતે આપના તાબા હેઠળના તમામ આચાર્યશ્રીઓને આપની કક્ષાએથી તેમજ આપના જિલ્લાકક્ષાના અધિકારીશ્રીઓ મારફત જરૂરી સૂચનાઓ અપાવવા વિનંતી છે. સદરહુ કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવાની હોય જરૂરી સૂચનાઓ સત્વરે આપવા વિનંતી છે. ઉક્ત બાબતે ઉચ્ચકક્ષાએથી રીવ્યુ થતો હોય ટોચ અગ્રતા આપવા વિનંતી છે.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

<u>નકલ સવિનય રવાના:</u>
- સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી

ક્રમાંક: DPE/SKL/e-file/105/2025/3686/Sankalan
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર

ઉકત નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા. ૧૧/૦૫/૨૦૨૬ ના પત્ર અન્વયે આપની કક્ષાએથી જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરવા સારૂ . . .

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

નકલ રવાના:-
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Validity unknown
Signed by:D.D.Baria
Deputy Director of Education (Plan)
Date:2026.06.10
18:28:46 +5:30